# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત- ૩૯૫૦૦૧

:-૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com

Web :-www.suratdeo.org


ક્રમાંક:મા-૨/SIR/કાર્યક્રમ/૨૦૨૫/ ૧૨૫૪૦ તા.૦૩/૧૧/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિ-સુરત.

વિષય: Special Intensive Revision-2026
હેડ ક્વાર્ટર પર હાજર રાખવા બાબત.

સંદર્ભ: (૧) માન. કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની કચેરી, સુરતના તા.૦૧/૧૧/૨૦૨૫ના પત્રાંક: ચટણ-૩/ મતય/SIR/કાર્યક્રમ/૨૦૨૫

(૨) માન. મતદાર નોંધણી અધિકારી, ૧૬૨- કરંજ વિધાનસભા મતદાર વિભાગ અને સીટી પ્રાંત (દક્ષિણ) મજૂરા, સુરતની કચેરીના તા.૦૨/૧૧/૨૦૨૫ના પત્રાંક: મતય/SIR-2026/૧૬૨-કરંજ/હેડ ક્વાર્ટર/વશી.૧૪૬૦ થી ૧૬૫૨/૨૦૨૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભિતપત્ર (૧) અને (૨) અન્વયે જણાવવાનું કે, માન. સચિવશ્રી, ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીના તા.૨૭.૧૦.૨૦૨૫ ના પત્રથી તા.૦૧.૦૧.૨૦૨૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં ભારતના કુલ 12 રાજ્યોમાં મતદારયાદીનો ખાસ સઘન સુધારણા (Special Intensive Revision) કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે.

Special Intensive Revision (SIR)-2026 ની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની હોઈ અને બી.એલ.ઓ. મેપીંગની કામગીરીની મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરથી રોજેરોજ સમીક્ષા થતી હોઈ તમામ બી.એલ.ઓ, બી.એલ.ઓ. સુપરવાઈઝર તા.૩૧/૧૦/૨૦૨૫ થી તા.૦૭/૦૨/૨૦૨૬ સુધી હેડક્વાર્ટરમાં ફરજિયાતપણે હાજર રહે અને સબંધિત મતદાર નોંધણી અધિકારીશ્રીની પૂર્વ પરવાનગી સિવાય કોઈપણ બી.એલ.ઓ., બી.એલ.ઓ. સુપરવાઈઝરની રજા મંજુર ના થાય તથા Special Intensive Revision (SIR)-2026 ની કામગીરી ચાલું હોઈ તેઓને અન્ય કોઈ વધારાની કામગીરી સુપ્રત ન કરવામાં આવે તેની તકેદારી રાખવા તથા ઉપરોક્ત સંદર્ભદર્શિત પરિપત્રોનો ચૂસ્તપણે અમલ કરવા જણાવવામાં છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

બિડાણ: સંદર્ભિત પત્ર (૧) અને (૨)ની નકલ

**ELECTION IMMEDIATE**

"મજબૂત લોકશાહી સૌની ભાગીદારી"

ફોન નંબર : ૦૨૬૧-૨૬૬૫૨૦૦
ઈ-મેઈલ : dydcosuratoffice@gmail.com

કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી, સુરત

ચૂંટણી શાખા, પહેલો માળ, બી-બ્લોક, જીલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત-૩૯૫૦૦૧

નં.ચટણ-૩/મતય/SIR/કાર્યક્રમ/૨૦૨૫ તા.૦૧/૧૧/૨૦૨૫

પ્રતિ,

(૧) મ્યુ. કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરત.

(૨) જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, સુરત.

(૩) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, જીલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત.

(૪) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતી, સુરત.

(૫) જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જીલ્લા પંચાયત, સુરત.

વિષય : **Special Intensive Revision-2026**
હેડ કવાર્ટર પર હાજર રાખવા બાબત

સંદર્ભ : મે. અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર ના તા.૨૭/૧૦/૨૦૨૫ ના પત્ર નં. ઈએલઆર/૧૪૨૫/૨૧૬(૨)/છ

ઉપરોકત વિષયના અનુસંધાને જણાવવાનું કે, મે. સચિવશ્રી, ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીના તા.૨૭.૧૦.૨૦૨૫ ના પત્રથી તા.૦૧.૦૧.૨૦૨૬ ની લાયકાતની તારીખના સંદર્ભમાં ભારતના કુલ 12 રાજ્યોમાં મતદારયાદીનો ખાસ સઘન સુધારણા (Special Intensive Revision) કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે.

Special Intensive Revision (SIR)-2026 ની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની થાય છે. બી.એલ.ઓ. એપમાં મતદાર મેપીંગ કરવાની કાર્યવાહી ચાલુ છે પરંતુ દિવાળી વેકેશન હોઈ આ કામગીરી થતી ન હોવાનું ધ્યાને આવેલ છે. બી.એલ.ઓ. મેપીંગની કામગીરીની મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરથી રોજેરોજ સમીક્ષા થાય છે. આ ઉપરાંત SIR-2026 અંતર્ગત બી.એલ.ઓ.એ તા.૦૪/૧૧/૨૦૨૫ ના રોજથી Enumeration Form માટે હાઉસ ટુ હાઉસ મુલાકાત કરવાની થાય છે. બી.એલ.ઓ. તથા બી.એલ.ઓ. સુપરવાઈઝરએ સમગ્ર કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની થાય છે. પરંતુ હાલે દિવાળી વેકેશન ચાલુ હોઈ બી.એલ.ઓ. તથા બી.એલ.ઓ. સુપરવાઈઝર હેડ કવાર્ટરમાં મળી આવતા નથી.

Special Intensive Revision (SIR)-2026 ની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની થતી હોઈ તમામ બી.એલ.ઓ., બી.એલ.ઓ. સુપરવાઈઝર તા.૩૧/૧૦/૨૦૨૫ થી તા.૦૭/૦૨/૨૦૨૬ સુધી હેડકવાર્ટરમાં ફરજિયાતપણે હાજર રહે અને સબંધિત મતદાર નોંધણી અધિકારીશ્રીની પૂર્વ પરવાનગી સિવાય કોઈપણ બી.એલ.ઓ., બી.એલ.ઓ. સુપરવાઈઝરની રજા મંજુર ના થાય તથા હાલે Special Intensive Revision (SIR)-2026 ની કામગીરી ચાલુ હોઈ તેઓને અન્ય કોઈ વધારાની કામગીરી સુપ્રત ન કરવામાં આવે તેની તકેદારી રાખવા તાબાના અધિકારીશ્રીઓને આપના સ્તરેથી સૂચના અપાઈ જવા વિનંતી છે.

જીલ્લા ચુંટણી અધિકારી
અને
કલેકટર સુરત

નકલ રવાના :

મતદાર નોંધણી અધિકારીશ્રી(તમામ), સુરત તરફ

૨/- આ બાબતે સમગ્ર SIR-2026 ના સમયગાળા દરમ્યાન આપના તાબાના બી.એલ.ઓ., બી.એલ.ઓ. સુપરવાઈઝર, મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રી, નાયબ મામલતદાર, મતદારયાદી, કોમ્પ્યુટર ઓપરેટર સહિત મતદારયાદી સંબંધિત કોઈપણ અધિકારીશ્રી/કર્મચારીશ્રીની રજા આપની પૂર્વ પરવાનગી સિવાય મંજુર ન કરવામાં આવે તે બાબતે આપના સ્તરેથી પણ સંબંધિત વિભાગના વડા સાથે પત્ર વ્યવહાર કરી લેવા જણાવવામાં આવે છે.

**ELECTORAL**
**ROLL**
**IMPORTANT**

भारत निर्वाचन आयोग
Election Commission Of India

મતદાર નોંધણી અધિકારી
૧૬૨-કરંજ વિધાનસભા મતદાર વિભાગ અને સીટી
પ્રાંત (દક્ષિણ) મજુરા,સુરતની કચેરી
ઠે.એ/૨, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઇન્સ, સુરત-
૩૯૫૦૦૧

નં.મતય/SIR-2026/૧૬૨-કરંજ/હેડ ક્વાર્ટર/વશી. ૧૪૬૦ થી ૧૫૧૨/૨૦૨૫, તા.૦૨/૧૧/૨૦૨૫

પ્રતિ,
(૧) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, જીલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત.
(૨) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતી, સુરત
(૩) જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જીલ્લા પંચાયત, સુરત
(૪) પર્સોનલ ઓફિસરશ્રી, વરાછા ઝોન, સુરત મહાનગરપાલીકા સુરત.

વિષય :- Special Intensive Revision-2026
હેડ કવાર્ટર પર હાજર રાખવા તથા રજા મંજૂર ના કરવા બાબત.

સંદર્ભ :- (૧) મે.અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા.૨૭/૧૦/૨૦૨૫ ના પત્ર નં.ઈએલઆર/૧૪૨૫/૨૧૬ (૨)/છ.
(૨) માન.જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેક્ટરશ્રી સુરતનાં પત્ર નં.ચટણ-૩/મતય/SIR/ કાર્યક્રમ/૨૦૨૫, તા.૦૧/૧૧/૨૦૨૫.

જયભારત સહ ઉપર્યુકત વિષય તથા સંદર્ભ દર્શિત પત્ર-૧ અન્વયે જણાવવાનું કે, મે. સચિવશ્રી, ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીના તા.૨૭.૧૦.૨૦૨૫ ના પત્રથી તા.૦૧.૦૧.૨૦૨૬ ની લાયકાતની તારીખના સંદર્ભમાં ભારતના કુલ 12 રાજ્યોમાં મતદારયાદીનો ખાસ સઘન સુધારણા (Special Intensive Revision) કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે.

જે અન્વયે Special Intensive Revision (SIR)-2026 ની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની થાય છે. બી.એલ.ઓ. એપમાં મતદાર મેપીંગ કરવાની કાર્યવાહી ચાલુ છે પરંતુ દિવાળી વેકેશન હોઈ આ કામગીરી થતી ન હોવાનું ધ્યાને આવેલ છે. બી.એલ.ઓ. મેપીંગની કામગીરીની મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરથી રોજેરોજ સમીક્ષા થાય છે. આ ઉપરાંત SIR-2026 અંતર્ગત બી.એલ.ઓ.એ તા.૦૪/૧૧/૨૦૨૫ ના રોજથી Enumeration Form માટે હાઉસ-ટુ-હાઉસ મુલાકાત કરવાની થાય છે. બી.એલ.ઓ. તથા બી.એલ.ઓ. સુપરવાઈઝરએ સમગ્ર કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની હાય છે. પરંતુ હાલે દિવાળી વેકેશન ચાલુ હોઈ બી.એલ.ઓ. તથા બી.એલ.ઓ.

સુપરવાઈઝર હેડ ક્વાર્ટરમાં મળી આવતા ના હોય, Special Intensive Revision (SIR)-2026 ની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની થતી હોઈ તમામ બી.એલ.ઓ., બી.એલ.ઓ. સુપરવાઈઝર તા.૩૧/૧૦/૨૦૨૫ થી તા.૦૭/૦૨/૨૦૨૬ સુધી હેડકવાર્ટરમાં ફરજિયાતપણે હાજર રહે અને અત્રેની પૂર્વ પરવાનગી સિવાય કોઈપણ બી.એલ.ઓ., બી.એલ.ઓ. સુપરવાઈઝરની રજા મંજુર ના થાય તથા હાલે Special Intensive Revision (SIR)-2026 ની કામગીરી ચાલુ હોઈ તેઓને અન્ય કોઈ વધારાની કામગીરી સુપ્રત ન કરવામાં આવે તેની તકેદારી રાખવા તાબાના અધિકારીશ્રીઓને અત્રેથી સૂચના અપાઈ જવા માન.જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેકટર સાહેબશ્રી દ્વારા સંદર્ભ-૨ થી સુચના આપવામાં આવેલ છે. ( જેની નકલ પેટામાં સામેલ છે.)

સબબ, અત્રેની ૧૬૨ કરંજ વિધાનસભા મતવિસ્તારનાં નિમણૂક થયેલ તમામ બીએલઓશ્રીની વિગતો પેટામાં સામેલ છે. જે ધ્યાને લઇ આપનાં તાબાનાં કર્મચારીની Special Intensive Revision (SIR)-2026 ની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની થતી હોઈ તમામ બી.એલ.ઓ., બી.એલ.ઓ. સુપરવાઈઝર તા.૩૧/૧૦/૨૦૨૫ થી તા.૦૭/૦૨/૨૦૨૬ સુધી હેડકવાર્ટરમાં ફરજિયાતપણે હાજર રહે અને અત્રેની પૂર્વ પરવાનગી સિવાય કોઈપણ બી.એલ.ઓ., બી.એલ.ઓ. સુપરવાઈઝરની રજા મંજુર ના થાય તથા હાલે Special Intensive Revision (SIR)-2026 ની કામગીરી ચાલુ હોઈ તેઓને અન્ય કોઈ વધારાની કામગીરી સુપ્રત ન કરવામાં આવે તેની તકેદારી રાખવા તેમજ અત્રેની કામગીરી દરમિયાન ફિલ્ડ વર્ક માટે કે મીટીંગમાં હાજર રહેવા માટે જરૂરી મંજુરી આપવા જણાવવામાં આવે છે. જેની નોંધ લેવા વિનંતી.

( વિ.જે.ભંડારી )
મતદાર નોંધણી અધિકારી
૧૬૨-કરંજ વિધાનસભા મત વિભાગ
અને
સીટી પ્રાંત (દક્ષિણ) મજુરા,સુરત.

નકલ રવાના:-

(૧) તમામ મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રી, ૧૬૨- કરંજ વિધાનસભા મતવિભાગ તરફ

(૨) સુપરવાઈઝરશ્રી, તમામ નં. ૦૧ થી ૧૮, ૧૬૨- કરંજ વિધાનસભા મતદાર વિભાગ, સુરત

(૩) બીએલઓશ્રી, તમામ ભાગ નં. ૦૧ થી ૧૬૭, ૧૬૨- કરંજ વિધાનસભા મતદાર વિભાગ, સુરત

૨/- આ બાબતે સમગ્ર SIR-2026 ના સમયગાળા દરમ્યાન અત્રેની પુર્વ મંજુરી વિના હેડ ક્વાર્ટરમાં ફરજિયાત પણે હાજર રહેવા અને અત્રેની પુર્વ મંજુરી વિના રજા પર ના જવા જણાવવામાં આવે છે.

નકલ સવિનય રવાના:-

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી સુરત, તરફ જાણ સારૂં.